તહેવારોમાં અકસ્માતોની વણઝાર

ઝઘડિયાના ગોવાલી નજીક ગમખ્વાર અકસ્માતમાં બેનાં મોત

બાઈક અને મોપેડ વચ્ચે થયેલા અકસ્માતમાં એકનું સ્થળ પર તો બીજાનું સારવાર દરમિયાન મોત



વિનોદ વસાવા

ઝઘડિયા, ભરૂચઃ ઝઘડિયાના ગોવાલી ગામ નજીક આવેલા ઈસ્કોન મંદિરના કટ પાસે રાત્રિના સમયે પૂરઝડપે જતી યામાહા મોટરસાઈકલ અને એક્ટિવા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક્ટિવા ચાલકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે બાઈક પર સવાર બે યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા સુરત ખાતે સારવાર ખસેડતા વધુ એકનું મોત નીપજ્યું હતું. જ્યારે એક ઈજાગ્રસ્તને ભરૂચ ખાતે સારવાર હેઠળ દાખલ કરાયો છે.

પોલીસ ફરિયાદની વિગતો અનુસાર, ઝઘડિયા તાલુકાના ગોવાલી ગામના નિશાળ ફળિયા ખાતે રહેતા અને ખેતીકામ કરતા રોહિતભાઈ સોમાભાઈ પટેલ (ઉં.વ.૫૧) રાત્રે આશરે આઠેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે જમી-પરવારીને બેઠા હતા. તે દરમિયાન ગામના રોમીકભાઈ શશીકાંતભાઈ પટેલે ફોન કરીને જાણ કરી હતી કે, ગોવાલી ગામ નજીક ઈસ્કોન મંદિરના કટ પાસે રોડ ઉપર રોહિતભાઈના સાઢુભાઈ નંદલાલભાઈ બાબુભાઈ પટેલની એક્ટિવા અને એક યામાહા મોટરસાઈકલ વચ્ચે અકસ્માત થયો છે અને તેઓ રોડ સાઈડ પર પડેલા છે. આ બનાવની જાણ થતાં ગામના આગેવાનો અને મૃતકના પત્ની નિમિષાબેન સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા. સ્થળ પર જઈને જોતાં નંદલાલભાઈ પટેલની એક્ટિવા સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. અકસ્માતમાં નંદલાલભાઈને કપાળના ભાગે, ચહેરાની ડાબી બાજુએ તથા પેટના ડાબા ભાગે ચામડી ફાટી જવાથી ગંભીર ઈજાઓ પહોંચી હતી, તેમજ બંને હાથ અને ડાબા પગે ફ્રેક્ચર થવાથી તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. તેમના મૃતદેહને ખાનગી એમ્બ્યુલન્સ મારફતે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. બીજી તરફ, અકસ્માત સર્જનાર યામાહા મોટરસાઈકલના ચાલક અભિ સંતોષભાઈ વસાવા અને તેની પાછળ બેસેલા કમલેશભાઈ સુરેશભાઈ વસાવા (બંને રહે., નાનાસાંજા, તા. ઝઘડિયા, જિ. ભરૂચ)ને પણ શરીરે નાની-મોટી ગંભીર ઈજાઓ પહોંચતા બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તો પૈકી અભિ સંતોષભાઈ વસાવાને વધુ સારવાર અર્થે સુરત ખાતે લઈ જવાતા સારવાર દરમિયાન તેમનું સુરત ખાતે મોત નીપજતા કુલ બે જણાએ દમ તોડ્યો હતો તેમજ એકને ઈજાગ્રસ્ત થતા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરાયો હતો.

આ સમગ્ર મામલે મૃતક નંદલાલ બાબુભાઈ પટેલના સાઢુભાઈ રોહિતભાઈ સોમાભાઈ પટેલે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે રૂબરૂમાં યામાહા મોટરસાયકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અકસ્માત સર્જી મોત નીપજાવનાર ચાલક અભિ સંતોષભાઈ વસાવા વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. ઝઘડિયા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કણાવ મલેકપોર પાસે કારે અડફેટે લેતાં આધેડનું મોત

પલસાણાઃ પલસાણા તાલુકાના કણાવ મલેકપોર કટ પાસે નેશનલ હાઇવે ૫૩ પર પૂરપાટ ઝડપે આવતી સફેદ અલ્ટો કાર (GJ-19-AF-7405) ના ચાલકે બારડોલીના પટેલ નગરમાં રહેતા ૫૮ વર્ષીય અલ્પેશભાઈ બકુલભાઈ ચૌધરીને અડફેટમાં લેતાં તેમનું ગંભીર ઈજાઓથી કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી કાર ચાલક નાસી છૂટ્યો હતો. આ અંગે બારડોલીના જુનવાણી કડોદ નિવાસી રાજેશભાઈ રણછાભાઈ ચૌધરીએ ગત ૧૦મી નવેમ્બરે પલસાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે.

કંથરાજ ગામે અજાણ્યા વાહનની અડફેટે મજૂરનું મોત

સાયણઃ સાયણના કંથરાજ ગામે રહેતા અને કામરેજ સુગરની ફેક્ટરીમાં શેરડી કાપવાનું મજૂરી કામ કરતાં રમેશ જયમલ ભીલ (ઉં.વ.૩૮) ગત ૧૦ તારીખે મોડી સાંજે મજૂરી કામ પતાવીને પગપાળા પોતાના ઝુંપડે જઈ રહ્યા હતા. તે દરમિયાન કંથરાજ ગામની સીમમાં મુખ્ય રોડ પર કોઈ અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રમેશભાઈને અડફેટે લીધા હતા. આ ગંભીર અકસ્માતમાં તેમને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવાથી સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઓલપાડ પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઉચ્છલના આનંદપુર પાસે ટેમ્પોએ મોપેડને ટક્કર મારતાં કિશોરનું મોત

બેને ઈજા થતાં સારવાર હેઠળ

વ્યારાઃ તાપીમાં ઉચ્છલ તાલુકામાં સુરત- ધુલિયા નેશનલ હાઈવે 53 પર આનંદપુર ગામની સીમમાં થ્રી વ્હીલર ટેમ્પોએ મોપેડને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો, જે દરમિયાન ગંભીર ઈજા થતાં મોપેડ ચાલકનું ઘટના સ્થળે કરૂણ મોત નીપજ્યું હતું જ્યારે મોપેડ પર સવાર અન્ય બેને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ તા.12-11-2026 ના રોજ આનંદપુર ગામે સત્કાર હોટલની સામે સર્વિસ રોડ પર થ્રી વ્હીલર ટેમ્પો રજિ.નં (GJ 19 WB 3788)ના ચાલક સાબિર મહંમદ શેખ (રહે., 451, રેલ રાહત કોલોની, નુરાની મસ્જિદ પાસે, લિંબાયત, સુરત) પોતાના કબજાના થ્રી વ્હીલર ટેમ્પોને પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મોપેડ રજિ.નં (GJ 26 AL 3501)ને ટક્કર મારતાં મોપેડ ચાલક પ્રતિક ઈશ્વરભાઈ ગામીત (ઉં.વ.17 રહે., પરચુલી ડુંગરી ફળિયું, તા.ઉચ્છલ, જિ.તાપી)ને ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે મોત નીપજ્યું હતું જ્યારે મોપેડ પર સવાર નિખિલ ઈલેશભાઈ ગામીત અને રિહાન્સકુમાર હિતેશભાઈ ગામીત શરીરે ઈજા પહોંચતાં હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતાં. જે અંગે પોલીસે થ્રી વ્હીલર ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રતિક પોતાના મિત્રોને લઈને મોપેડ પર બેસી સેલુડ ગામે ખ્રિસ્તી સંમેલનમાં જઈ રહ્યા હતાં જે દરમિયાન થ્રી વ્હીલર ટેમ્પોએ મોપેડને ટક્કર મારી દેતાં અકસ્માતમાં મોપેડ ચાલક પ્રતિકનું ઘટના સ્થળે કરૂણ મોત નીપજ્યું હતું જ્યારે મોપેડ પર સવાર અન્ય બેને ગંભીર ઈજા પહોંચી હતી. સમગ્ર બનાવને લઈને પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

વરેલીમાં આધેડનું તાવની બીમારીમાં મોત

પલસાણાઃ પલસાણાના વરેલી ખાતે આવેલી તુલસીધામ સોસાયટીમાં છગનભાઈની બિલ્ડિંગના પહેલા માળે રૂમ નં.૨૦માં રામલાલ નામનો આશરે ૫૨થી ૫૫ વર્ષનો આધેડ રહેતો હતો. આ આધેડને છેલ્લા પાંચેક દિવસથી તાવ આવતો હતો. બીમારી વધતા તેને ગત તારીખ ૧૦મી નવેમ્બરના રોજ સારવાર માટે સુરત શહેરની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. કડોદરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કારેલીમાં માનસિક બીમારીથી કંટાળી વૃદ્ધે ફાંસો ખાધો

પલસાણાઃ મૂળ મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લાના શીરપુર તાલુકાના માંજરોદ ગામના વતની અને હાલ પલસાણાના કારેલી ગામ સ્થિત આર્યા રેસિડેન્સીના મકાન નંબર ૧૭૫માં રહેતા ૮૪ વર્ષીય વાસુદેવભાઈ નારાયણભાઈ ગુજર (પાટીલ) શારીરિક અને માનસિક બીમારીથી કંટાળીને પોતાના જ ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો છે. તેઓ છેલ્લા સાત મહિનાથી માનસિક બીમારીથી પીડાઈ રહ્યા હતા. ગત ૧૧ નવેમ્બરે બનેલી આ ઘટના અંગે મૃતકના પુત્ર વિનોદભાઈએ પલસાણા પોલીસ મથકમાં જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પલસાણામાં ઘરમાંથી 38 હજારની મતાની ચોરી

પલસાણાઃ પલસાણા શોપિંગ સેન્ટરમાં રૂમ નં-૧૧૧, બિલ્ડિંગ નં-જમાં રહેતા ઉદય આલોકકુમાર શર્માના ઘરે રાત્રે ઊંઘતી વખતે તસ્કરોએ ત્રાટકીને રૂ.38,000ની મતાની ચોરી કરી હતી. ગત ૯ નવેમ્બરની રાત્રે દોઢ વાગ્યે પરિવાર સૂઈ ગયો હતો, અને સવારે સાડા સાત વાગ્યે ઊઠતા ચોરીની જાણ થઈ હતી. અજાણ્યા તસ્કરો ત્રણ મોબાઈલ ફોન (કિંમત રૂ.૨૮,૦૦૦) અને ૩૬.૫૦ ગ્રામ ચાંદીની પાયલ (કિંમત રૂ.૧૦,૦૦૦) ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે પલસાણા પોલીસ મથકે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધી છે.

બારડોલીના કડોદથી ૪૫ હજારની બાઈકની ચોરી

બારડોલીઃ મૂળ બારડોલીના હરીપુરા સ્થિત ક્રિષ્ના પાર્ક સોસાયટીના રહીશ અને હાલમાં કડોદ ગામની પ્રમુખ દર્શન સોસાયટીમાં (ઘર નં. ૫૩/૧૨) પરેશભાઈ મોહનભાઈ પ્રજાપતિના મકાનમાં ભાડેથી રહેતા કીર્તનભાઈ સન્મુખભાઈ લાડની મોટરસાઇકલ ચોરાઈ ગઈ છે. કોઈ અજાણ્યા ચોર ઈસમે તેમના ઘરની બહાર શેરીમાં પાર્ક કરેલી કાળા કલરની હોન્ડા સીબી યુનિકોર્ન બાઈક, જેનો રજીસ્ટ્રેશન નંબર GJ-19-BB-1422) છે, તેનું લોક ખોલીને અથવા ડુપ્લિકેટ ચાવીનો ઉપયોગ કરીને ચોરી કરી લીધી હતી. ચોરાયેલી આ મોટરસાઈકલની અંદાજિત કિંમત ૪૫,૦૦૦ રૂપિયા આંકવામાં આવી છે. બારડોલી રૂરલ પોલીસે તપાસ હાથ ધરી છે.

બારડોલીમાં અચાનક તબિયત લથડ્યા બાદ આધેડનું મોત

બારડોલીઃ મૂળ ઉમરપાડા તાલુકાના દિવતણ ગામના વતની અને હાલ બારડોલીના ધામડોદ રોડ સ્થિત શિવશક્તિ સોસાયટીમાં રહેતા મનહરભાઈ ગોવિંદભાઈ વસાવા (ઉં.વ.૫૮)ની ગત તા. ૧૧ નવેમ્બરના રોજ અચાનક તબિયત લથડી હતી. પરિવારજનોએ તેમને પ્રાથમિક સારવાર માટે પ્રથમ ઉમરપાડા સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જોકે, તબિયત વધુ બગડતા વધુ સારવાર અર્થે બારડોલીની સત્યાગ્રહ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં વહેલી સવારે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. મૃતકના પુત્રની જાહેરાતના આધારે બારડોલી ટાઉન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ વિરલભાઈ જશુભાઈને સોંપી છે.

કડોદમાં લાયબ્રેરી પાસેના બાળ ઉદ્યાનનાં કામો આજે પણ અધૂરાં

બાકી સુવિધાઓ વહેલી તકે પૂર્ણ કરવાની લોકમાંગ



કડોદઃ કડોદ નગરમાં લાયબ્રેરીની સામે બાળકો માટે બનાવવામાં આવેલા બાળ ઉદ્યાનમાં હજુ પણ કેટલીક પાયાની સુવિધાઓ ઊભી કરવાની કામગીરી બાકી હોવાનું સામે આવ્યું છે. ઉદ્યાનમાં લાઈટિંગ, ઘાસની લોન અને ફેન્સિંગ સહિતનાં કામો પૂર્ણ ન થતાં બાળ ઉદ્યાનનો સંપૂર્ણ વિકાસ થયો નથી.

બાળકોને રમતગમત અને મનોરંજન માટે સુવિધાયુક્ત સ્થળ મળી રહે તે હેતુથી બનાવવામાં આવેલા આ ઉદ્યાનમાં જરૂરી સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સાંજના સમયે ઉપયોગી બને તે માટે લાઈટિંગની વ્યવસ્થા, ઉદ્યાનની સુંદરતા અને હરિયાળી માટે ઘાસની લોન તેમજ બાળકોની સુરક્ષા માટે ફેન્સિંગનું કામ જરૂરી બન્યું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગ્રામ પંચાયત કડોદના સરપંચશ્રી તથા પંચાયતના સભ્યો સ્થળની રૂબરૂ મુલાકાત લઈ બાળ ઉદ્યાનનું નિરીક્ષણ કરે અને બાકી રહેલાં કામોની સમીક્ષા કરે તેવી લોકમાંગ ઉઠી છે. સાથે જ સંબંધિત તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરી તમામ બાકી કામો સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવે તેવી ગ્રામજનોની અપેક્ષા છે.આ બાબતે જાણીતા સહકારી આગેવાન સંજય ભાવસારે તાકીદે કામગીરી પુરી કરવાની માંગ કરી છે.

બાળકોના હિત અને જાહેર સુવિધાના પ્રશ્નને પ્રાથમિકતા આપી બાળ ઉદ્યાનને સંપૂર્ણ સુવિધાયુક્ત બનાવવા ગ્રામ પંચાયત કડોદ દ્વારા વહેલી તકે કાર્યવાહી કરવામાં આવે તેવી લોકલાગણી અને માંગણી વ્યક્ત થઈ રહી છે.

કોસંબામાં ગઠિયાઓ એક લાખ તફડાવી કાગળનું બંડલ પકડાવી ગયા

બેંકમાં પૈસા ભરવા આવેલા ઈન્દિરા નગરના શખ્સ સાથે મદદના બહાને ઠગાઈ

હથોડાઃ કોસંબામાં બેંકમાં રોકડ જમા કરાવવા ગયેલા શખ્સને બે ગઠીયાનો ભેટો થયો હતો. પૈસા જમા કરાવવામાં મદદના બહાને એક લાખ તફડાવી ગઠિયાઓ ફરાર ઝઈ ગયા હતા.

ઘટનાની વિગત એવી છે કે જૂના કોસંબાના ઈન્દિરા નગર ખાતે રહેતા અને ડ્રાઈવર તરીકે કામ કરતાં રમેશભાઈ બાબુભાઈ વસાવા (ઉં.વ.45) bank of baroda માં પૈસા ભરવા ગયા હતા. ત્યારે બે અજાણ્યા હિન્દી ભાષા બોલતા બે ગઠીયા મદદ કરવાનો ઢોંગ બતાવીને ડ્રાઈવર રમેશભાઈને વિશ્વાસમાં લઈને જણાવ્યું હતું કે બીજી બ્રાન્ચમાં ઝડપથી તમારું કામ પતાવી દઈશું તેમ કહી તેમને બેંક પરિસર બહાર બોલાવી લીધો હતો અને તરસાડી વિસ્તારની સીમમાં કુંવારદા બ્રિજ નજીક લક્ષ્મી શોરૂમ પાસે લઈ ગયા હતા. ત્યાં તેમની પાસેથી રૂપિયા એક લાખ રોકડા લઈ લીધા હતા અને બદલામાં પ્લાસ્ટિકની થેલીમાં રૂમાલ વીંટાળેલું બંડલ પકડાવી દીધું હતું અને બંડલની ઉપર 500ની અસલી માત્ર એક નોટ મૂકીને રૂપિયા બે લાખ છે, તેમ કહીને ગઠિયા રફૂચક્કર થઈ ગયા હતા.

બાદમાં તપાસ કરતાં રૂપિયાના બદલે બંડલ પર 500ની એક અસલી નોટ સિવાય ચોપડાના કોરા કાગળો જ નીકળતા ડ્રાઈવર રમેશભાઈના પગ નીચેથી જમીન ખસકી ગઈ હતી. તેમણે કોસંબા પોલીસ મથકે ઘટનાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આત્મહત્યા કરવા જતાં યુવકને સોનગઢ પોલીસે બચાવી લીધો

સોનગઢઃ તાપી જિલ્લાના સોનગઢ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પોલીસે સતર્કતા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઘરના પારિવારિક કંકાસથી કંટાળીને આત્મહત્યા કરવા નીકળેલા એક યુવકનો જીવ સોનગઢ પોલીસે સમયસર બચાવી લીધો છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના જીનાગામ પારેખ ફળિયામાં રહેતા નિહારભાઈ સુરેશભાઈ મહેતા સોનગઢ પોલીસ સ્ટેશને આવ્યા હતા. તેમણે પોલીસને પોતાના મોબાઈલ ફોનમાં એક વિડીયો બતાવ્યો હતો, જેમાં તેમનો ૩૫ વર્ષીય મોટો ભાઈ જેમીકભાઈ સુરેશભાઈ મહેતા ઘરના કંકાસથી કંટાળીને આત્મહત્યા કરવા જઈ રહ્યો હોવાનું જણાવ્યું હતું.

આ ગંભીર બાબતની જાણ થતા પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એમ. ગીલાતરના માર્ગદર્શન હેઠળ સોનગઢ પોલીસે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી સોનગઢ ટાઉનના કિલ્લા આજુબાજુના વિસ્તારમાં સઘન શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન, ઈન્ચાર્જ એ.એસ.આઈ રૂપસિંગભાઈ નાનીયા ભાઈએ બાતમી અને ટેકનિકલ માધ્યમથી યુવકને શોધી કાઢ્યો હતો.

પોલીસે જેમીક ભાઈને વિશ્વાસમાં લઈને પ્રેમપૂર્વક સમજાવી કાઉન્સેલિંગ કર્યું હતું, જેથી તેઓ આત્મહત્યા જેવું ખોટું પગલું ન ભરે. પોલીસે તેમને જીવનનું સાચું મહત્ત્વ સમજાવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ, સુરક્ષિત રીતે તે યુવકને તેમના નાના ભાઈ નિહારભાઈ સુરેશભાઈ મહેતાને સોંપવામાં આવ્યા હતા.

સોનગઢ પોલીસની આ માનવતાવાદી અને પ્રશંસનીય કામગીરી બદલ સર્વત્ર સરાહના થઈ રહી છે.

માંડવીના મોરીઠા-તરસાડા ખુર્દ રોડ પર બે મજૂર પર દીપડાનો હુમલો

શેરડી કાપવાની કામગીરી પૂર્ણ કરી બાઈક પર પરત ફરી રહ્યા હતા





હિતેશ પટેલ

માંડવીઃ ગુરુવારે રાત્રે માંડવીના મોરીઠાથી તરસાડા ખુર્દ ગામ તરફ જતા ડુંગરી રોડ પર દીપડાએ મોટરસાઈકલ સવાર બે શ્રમજીવી પર અચાનક હુમલો કરી દેતા પંથકમાં ભારે હડકંપ મચી ગયો છે. આ અણધાર્યા હુમલામાં બંને મજૂર ગંભીર રીતે ઘાયલ થયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાહુલ પવાર અને વિજય પવાર નામના બંને શ્રમિકો દિવસભર શેરડી કાપવાની કામગીરી પૂર્ણ કરી મોટરસાઈકલ પર પોતાના મુકામે પરત ફરી રહ્યા હતા. રાત્રિના આશરે ૯ વાગ્યાના સુમારે જ્યારે તેઓ મોરીઠા-તરસાડા ખુર્દ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક ઝાડીઓમાંથી ધસી આવેલા દીપડાએ તેમની બાઈકને નિશાન બનાવી હુમલો કર્યો હતો. હુમલામાં માથામાં અને પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી.

આ ગંભીર દુર્ઘટના સમયે તે જ માર્ગ પરથી માંડવીના સરપંચ પસાર થઈ રહ્યા હતા. તેમની નજર રસ્તા પર લોહીલુહાણ હાલતમાં પડેલા ઈજાગ્રસ્ત શ્રમિકો પર પડતા તેઓ તુરંત મદદે દોડી આવ્યા હતા. બંને ઘાયલોને માંડવી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમની તબિયતને ધ્યાનમાં રાખીને વધુ સારવાર માટે બારડોલી રિફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

દીપડાના આ લોહિયાળ હુમલાની ઘટનાને પગલે મોરીઠા, તરસાડા ખુર્દ સહિત આસપાસના ગ્રામજનોમાં ભારે ભય અને ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

વન્યજીવની દહેશતના પગલે વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે પાંજરા ગોઠવવામાં આવ્યા છે. સાથે જ રાત્રિના સમયે અવરજવર કરતાં લોકો અને ખાસ કરીને ખેતર કે શેરડીના વાડાઓ પાસેથી મોટરસાઈકલ કે અન્ય વાહનો પર પસાર થતી વખતે વિશેષ તકેદારી અને સાવચેતી રાખવા સ્થાનિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

વાંકલ ગામે મકાનમાં શોર્ટ સર્કિટથી આગ, રૂ.૧.૫૦ લાખનું નુકસાન

GIPCL અને તરસાડી નગરપાલિકાના ફાયર ફાઇટરોએ આગ પર કાબૂ મેળવ્યો



વિનોદ મૈસુરીયા

વાંકલઃ માંગરોળના વાંકલ ગામે આવેલા વેરાવી ફળિયામાં ગતરોજ બપોરના સુમારે એક મકાનમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વાંકલ ગામના વેરાવી ફળિયામાં રહેતા વસંતાબેન ચુનીલાલ ચૌધરીના પાકા મકાનના ઉપલા માળે ગુરુવારે બપોરે શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ ભડકી ઊઠી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં મકાનમાં રહેલી ઘરવખરી, અનાજ, પતરાં, ઘાસચારો તથા લાકડાં સહિતની ચીજવસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી. પ્રાથમિક અંદાજ મુજબ આ દુર્ઘટનામાં આશરે રૂ.૧,૫૦,૦૦૦ જેટ લું નુકસાન થવા પામ્યું છે. GIPCL ફાયર ફાઈટર અને તરસાડી નગરપાલિકાના ફાયર ફાઈટરોને જાણ કરવામાં આવતા, ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. આ વિકટ આગની દુર્ઘટનામાં સદ્નસીબે જાનહાનિ ટળી હતી. જેના કારણે ગ્રામજનો અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. તંત્ર દ્વારા આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

ભરૂચમાં અજાણ્યાનો મૃતદેહ મળ્યો

ભરૂચઃ ભરૂચ શહેરના કોલેજ રોડ પર આવેલા નર્મદા મૈયા બ્રિજ નીચેથી એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક તબક્કે મૃતક ભિક્ષુક જેવો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ઘટનાની જાણ રાહદારીઓ દ્વારા સામાજિક કાર્યકર ધર્મેશ સોલંકીને કરવામાં આવતા તેઓ પોતાની ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હાલ મૃતકની ઓળખ મેળવવા તેમજ તેનું મોત કયા સંજોગોમાં થયું તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

નિકોરા ગામે દીપડો પાંજરે પુરાતા ગ્રામજનોમાં રાહત



ભરૂચઃ ભરૂચ તાલુકાના નિકોરા ગામમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાના દેખાવથી ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ અંગે વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે ગામમાં પાંજરું મૂકવામાં આવ્યું હતું. આખરે હાલમાં દીપડો પાંજરે પુરાતાં ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો. નોંધનીય છે કે, થોડા દિવસ અગાઉ ભરૂચના ભોલાવ GIDC વિસ્તારમાં પણ દીપડો દેખાતા હજુ પણ ચિંતા દૂર થઈ નથી.

માંડવીના તારાપુર ગામે મકાનમાં આગ લાગી



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી તાલુકાના તારાપુર ગામે તાળ ફળિયામાં રહેતા ભીમસીંગભાઈ સુરજીભાઈ વસાવાના મકાનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા ઘરમાં રહેલી તમામ ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ ગયો છે, જેને કારણે સમગ્ર પંથકમાં ભારે ચકચાર અને દોડધામ મચી જવા પામી છે. માંડવી નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ સુનિલભાઈ રબારી દ્વારા જાણ કરાતા ફાયર બ્રિગેડની ટીમ સાધન-સામગ્રી સાથે તાત્કાલિક ઘટનાસ્થળ તરફ રવાના થઈ ગઈ હતી. વસાવા પરિવારના મકાનમાં લાગેલી આ આગને કારણે આસપાસના લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો, પરંતુ ફાયર વિભાગના જવાનોની સજ્જતા અને ત્વરિત પ્રતિસાદને કારણે પરિસ્થિતિ વધુ વણસતી અટકી છે. આ કટોકટીભરી સ્થિતિમાં ડ્રાઇવર અમન શેખ તેમજ ફાયરમેન તેજસ ચૌધરી અને કલ્પેશ ગામીતની ટીમે ઉત્તમ સૂઝબૂઝ અને સમયસૂચકતા દાખવી મોરચો સંભાળી લીધો હતો, જેના પરિણામે સમયસર આગ પર કાબૂ મેળવીને સંભવિત મોટી જાનહાનિ ટાળવામાં મોટી સફળતા મળી છે.

ઓલપાડના દેલાડ ગામેથી ચાર જુગારી ઝડપાયા

સાયણઃ ગુરુવારે સાયણ આઉટ પોલીસ ચોકીની ટીમે દેલાડ ગામની સીમમાં આવેલા પટેલ પાર્કની ખુલ્લી જગ્યામાં કે ગંજીપાનાથી રૂપિયાની હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રહેલા રાજદીપ આશુ મંડલ, અનેશ બોરન મંડલ, રાજુ ધનંજય મંડલ તથા આલોક વિમલ મંડલને ઝડપી દાવના રોકડા રૂ.૧૧,૦૦૦ તથા અંગઝડતીથી મળેલ રોકડા રૂ.૬૦૦ મળી કુલ રૂ.૧૧,૬૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો.

ભરૂચનાં મહિલા ખેડૂતે જામફળની નવી જાતો વિકસાવવા બદલ ભારત સરકાર દ્વારા સન્માન



ભરૂચઃ ભરૂચ જિલ્લાના પૂર્વભાગમાં આવેલ વાલિયાના ભરાડિયા ગામનાં મહિલા ખેડૂત હીનાબેન જયેશભાઈ પટેલને જામફળ માટે વધુ ઉત્પાદન ક્ષમતા ધરાવતી જાતોના વિકાસ, સંરક્ષણ તેમજ આ જાતોના માધ્યમથી નર્સરી વ્યવસાયના વિસ્તરણ અને વ્યાપારીકરણમાં નોંધપાત્ર યોગદાન બદલ ભારત સરકારના કૃષિ મંત્રાલય હેઠળના છોડની જાતો અને ખેડૂત અધિકાર સંરક્ષણ પ્રાધિકરણ (PPVFRA) દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. પ્રાધિકરણના સ્થાપના દિવસ નિમિત્તે તા. ૧૨ નવેમ્બરના રોજ યોજાયેલા સમારોહમાં તેમને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. સમારોહમાં ભારતના પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડો. પી. કે. મિશ્રાના હસ્તે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR)ના મહાનિર્દેશક ડો. એમ. એલ. જાટ, PPVFRAના અધ્યક્ષ ડો. ત્રિલોચન મહાપાત્ર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સિદ્ધિમાં ICAR-કેન્દ્રીય ઉપોષણ બાગાયત સંસ્થા (CISH), લખનૌનું મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક અને તકનીકી યોગદાન રહ્યું છે. સંસ્થાના નિયામક અને વરિષ્ઠ વૈજ્ઞાનિકનાં દ્વારા હીનાબેનને તકનીકી સહયોગ મળે છે.